**SARDAR PATEL UNIVERSITY**
**BCom (V Semester) Examination**
**Monday, 10th December 2012**
**2.30 - 4.30 pm**
**UB05CCOM06 - Business Finance**

**નોંધઃ** જમણી બાજુના આંકડા દરેક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

પ્ર.૧(અ) મૂડી પડતરનો ખ્યાલ અને મહત્વની ચર્ચા કરો. (૦૮)

(બ) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (૦૭)

૧. ૧૪%ના ડિબેંચર્સ રૂ. ૨૦૦૦, ૧૦ વર્ષના, મૂળ કિંમતે પરત કરવાપાત્ર, ૫% ડિબેંચર બહાર પાડવાનો ખર્ચ અને કરવેરાનો દર ૩૫%, ડિબેંચર પડતરની ગણતરી કરો.

૨. ૧૪%ના પ્રેફરન્સ શેર રૂ. ૧૦૦નો, ૧૦ વર્ષના, ૫% પ્રિમીયમે પરત કરવા પાત્ર, ૫% પ્રેફરન્સ શેર બહાર પાડવાનો ખર્ચ સાથે પ્રેફરન્સ શેર પડતરની ગણતરી કરો.

૩. ઇકવીટી શેર રૂા. ૫૦ના ભાવે વેચાય છે અને હાલમાં રૂા. ૬ શેર દીઠ ડિવિડન્ડ ચૂકવાય છે, જેનો અંદાજીત વૃદ્ધિદર ૫% કાયમી ધોરણે છે. ઇકવીટી શેર પડતરની ગણતરી કરો.

**અથવા**

પ્ર.૧ (અ) એક કંપનીનું મૂડી માળખું તા. ૩૦-૬-૨૦૧૦ના રોજ નીચે મુજબ હતું. (૦૭)

| | |
|---|---|
| ૨૦૦૦૦૦ ઇકવીટી શેર | રૂા. ૪૦૦૦૦૦૦ |
| ૧૦%ના પ્રેફરન્સ શેર | રૂા. ૧૦૦૦૦૦૦ |
| ૧૪%ના ડિબેંચર્સ | રૂા. ૩૦૦૦૦૦૦ |
| | રૂા. ૮૦૦૦૦૦૦ |

કંપની શેર રૂા. ૨૦માં વેચે છે, કંપની આવતા વર્ષે શેર દીઠ રૂા. ૨ ડિવિડંડ ચૂકવવા વિચારે છે. ડિવિડંડમાં કાયમી ધોરણો ૭% લેખે વૃદ્ધિ થશે. કરવેરા દર ૫૦% ભારિત સરેરાશ મૂડી પડતરની ગણતરી કરો.

(બ) પડતરનું વર્ગીકરણ (પ્રકારો) વર્ણવો. (૦૮)

પ્ર.૨ કાર્યશીલ મૂડીના વિવિધ પ્રાપ્તિ સ્થાનોની ચર્ચા કરો. (૧૫)

**અથવા**

પ્ર.૨ (અ) નીચેના આંકડાઓ પરથી કાર્યકારી ચક્ર (Operating Cycle) ની ગણતરી કરો. (૦૭)

(રૂા. લાખમાં)

| | શરૂઆતની બાકી | આખરની બાકી |
|---|---|---|
| કાચોમાલ | ૧૬૦ | ૧૫૫ |
| ચાલુકામ | ૩૫ | ૩૮ |
| તૈયાર માલ | ૧૮૦ | ૧૬૦ |
| ચોપડે લેણાં | ૨૮૦ | ૨૨૦ |
| વ્યાપારી લેણદારો | ૧૬૦ | ૧૫૦ |
| કાચામાલની ખરીદી | ૪૬૫ | |
| ઉત્પાદન ખર્ચા | ૨૨૫ | |
| આબકારી શુલ્ક | ૭૫ | |
| વેચાણ અને વહીવટી ખર્ચા | ૧૨૦ | |
| વેચાણ | ૧૦૦૦ | |

(બ) કાર્યશીલ મૂડીના વિવિધ ખ્યાલોની ચર્ચા કરો. (૦૮)

પ્ર.૩ (અ) આર્થિક વરદી જથ્થો (EOQ) એટલે શું ? તેની ગણતરી કેવી રીતે થાય છે ? ઉદાહરણ સહિત સમજાવો. (૧૦)

(બ) રોકડ રાખવાના હેતુઓ (Motives) શું છે ? (૦૫)

**અથવા**

પ્ર.૩ (અ) નીચેની અંદાજીત માહિતી પરથી જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૧૦ના અંતે રોકડ સ્થિતિની ધારણા કરો. (Cash Budget) (૦૮)

| મહિનો | વેચાણ | ખરીદી | કારખાનાના ખર્ચા | અન્ય ખર્ચા |
|---|---|---|---|---|
| ડીસે. ૨૦૦૯ | ૧૨૦૦૦૦ | ૮૪૦૦૦ | ૧૦૦૦૦ | ૭૦૦૦ |
| જાન્યુ. ૨૦૧૦ | ૧૩૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૧૨૦૦૦ | ૮૦૦૦ |
| ફેબ્રુ. ૨૦૧૦ | ૮૦૦૦૦ | ૧૦૪૦૦૦ | ૮૦૦૦ | ૬૦૦૦ |
| માર્ચ. ૨૦૧૦ | ૧૬૬૦૦૦ | ૧૦૬૦૦૦ | ૧૦૦૦૦ | ૧૨૦૦૦ |
| એપ્રીલ ૨૦૧૦ | ૮૮૦૦૦ | ૮૦૦૦૦ | ૮૦૦૦ | ૬૦૦૦ |

નીચેની માહિતીને ધ્યાનમાં રાખો.

૧. અડધુ વેચાણ રોકડ છે. ઉધાર વેચાણ બીજા બે મહીનામાં સરખે ભાગે વસુલ થાય છે.
૨. કંપનીની ખરીદી ‘‘ચોખ્ખા ૩૦ દિવસ’’ની શરતે ઉધાર થાય છે.
૩. કારખાના ખર્ચા રોકડમાં થયા છે.
૪. અન્ય ખર્ચા થાય તેના બીજા મહીનામાં ચૂકવાય છે.
૫. ભાડુ રૂા. ૨૦૦૦ પ્રતી માસ માસિક ધોરણે અગાઉથી ચૂકવાય છે.
૬. જુનુ મશીન જેની ચોપડે કિંમત રૂા. ૧૦૦૦૦ છે, તે ફેબ્રુઆરીમાં ભંગારમાં કાઢવાનુ છે - જેના રૂા. ૧૦૦૦ મળવાનુ અનુમાન છે.
૭. ૧૩%ની જાહેર થાપણ રૂા. ૧૦૦૦૦૦ પર અર્ધ વાર્ષિક વ્યાન માર્ચ ૨૦૧૦માં ચૂકવવાનુ છે.
૮. ડિસેમ્બર ૨૦૦૯માં રોકડની આખર બાકી રૂા. ૧૨૦૦૦ હતી.

(બ) નોંધ લખો : શાખનીતિના ઘટકો (૦૭)

પ્ર.૪(અ) લિવરેજ કે ઉચ્ચાલકતાનો ખ્યાલ અને મહત્વ સમજાવો. (૦૮)

(બ) નીચે આપેલી માહિતી પરથી શેરદીઠ કમાણી, કામગીરી કે કાર્યકારી (Operating) લિવરેજ, નાણાંકીય લિવરેજ, સંયુક્ત લિવરેજની ગણતરી કરો. (૦૭)

| વિગતો | Co. P | Co. Q |
|---|---|---|
| વેચાણ કિંમત / એકમ (રૂ) | ૧૫ | ૨૦ |
| ચલિત ખર્ચા / એકમ (રૂ) | ૧૦ | ૧૫ |
| જથ્થો (એકમો) | ૨૦૦૦૦ | ૨૫૦૦૦ |
| સ્થિર ખર્ચા (રૂ) | ૩૦૦૦૦ | ૪૦૦૦૦ |
| વ્યાજ (રૂ) | ૧૫૦૦૦ | ૨૫૦૦૦ |
| કરવેરાનો દર (%) | ૪૦ | ૪૦ |
| ઇક્વીટી શેરની સંખ્યા | ૫૦૦૦ | ૯૦૦૦ |

**અથવા**

પ્ર.૪ વિવિધ પ્રકારની લિવરેજ / ઉચ્ચલકતા ઉદાહરણ આપીને સમજાવો. (૧૫)

# # #